#066

Success will Follow You..😎

ઘણિવખત આપણે કોઈ કામ શરૂ કરીએ છીએ, પણ થોડા સમય પછી પરિણામ ન મળે તો હિંમત હારી જઈએ છીએ. પરંતુ યાદ રાખીએ— સફળતા એક જ દિવસે મળતી નથી. સફળતા તો સતત પ્રયત્નોનું પરિણામ છે.

એક બીજ જમીનમાં વાવીએ ત્યારે તે તરત જ વૃક્ષ બનતું નથી. પહેલા તે જમીનમાં જડ પકડી લે છે, પછી ધીમે ધીમે અંકુર ફૂટે છે, અને વર્ષો પછી એક મજબૂત વૃક્ષ બને છે. એ જ રીતે આપણા પ્રયત્નો પણ શરૂઆતમાં દેખાતા નથી, પરંતુ સતત મહેનત એક દિવસ મોટું પરિણામ આપે છે.

ઈતિહાસમાં ઘણા મહાન લોકો છે જેઓ શરૂઆતમાં અનેક વખત નિષ્ફળ ગયા, પણ તેમણે પ્રયત્ન છોડ્યા નહીં. તેમની સતત મહેનતે જ તેમને સફળ બનાવ્યા.

એટલે જ મિત્રો,

જો આજે પરિણામ ન મળે તો નિરાશ ન થવું.

દરરોજ થોડું થોડું આગળ વધતા રહેવું.

કારણ કે…

“સતત પ્રયત્ન સફળતાની ચાવી છે.”

✨ Keep Trying, Keep Growing, Success Will Follow You.